જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૭/૨૦૨૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૧૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૮ કેસ કરી, ૪૮ વ્યક્તિઓને ઝડપી, ૩૫૮ લીટર દેશી દારૂ, ૩૮૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૨૭૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૯૭ બિયર ટીન, ૦૧ સ્કુટર, ૦૨ રીક્ષા અને ૦૩ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી, ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૮૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૯૧૯/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૧૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૯૨૦/૨૦૨૬**

વટવાઃ મિનિતા વા/ઓ નરેન્દ્રકુમાર પટેલ (ઉ.વ.૫૦)(રહે.ભાગવત વીલા બંગ્લોઝ એવલોન પાર્ક સામે વટવા) એ તા.૦૧/૦૭/૨૦૨૬ ના રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સને–૨૦૨૩ થી તા.૦૧/૦૭/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે આરોપી આનંદ સ/ઓ શશીભુષણ ત્રીપાઠી (ઉ.વ.૨૬)(રહે.સાઘાણી વ્રજ ભુમી બંગ્લોઝ એવલોન પાર્ક ફલેટ પાસે, ગામડી રોડ વટવા) એ મિનિતા પટેલને વિશ્વાસમા લઇ રોકડ તથા ચેક દ્વારા તેમની પાસેથી કુલ રૂપિયા ૪૧,૨૦,૦૦૦/– મેળવી લઇ, નાણા પરત માંગતા આરોપી આનંદ ત્રીપાઠીએ લેણા રૂપિયા મિનિતા પટેલના બેંક ખાતામાં જમા કર્યા અંગેનુ પંજાબ નેશનલ બેન્કના નામનુ ખોટુ સ્ટેટમેન્ટ બનાવી સાચા તરીકે આપી, તેમજ "શ્રી વિનાયક ટ્રેડીંગ પાર્ટનર્સ" નામની કંપની તથા તેમનુ જી.એસ.ટી નંબરવાળુ ખોટુ બીલ બનાવી ખોટા સ્ટેટમેન્ટ આધારે મિનિતા પટેલના નાણા તેમાં પડેલ છે તેવુ દર્શાવી મિનિતા પટેલ સાથે વિશ્વાસઘાત અને છેતરપિડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એચ.પરમાર ચલાવે છે.

લુંટઃ– **સમાચાર યાદી નં.૯૨૧/૨૦૨૬**

એરપોર્ટઃ જુનેદઅહેમદ મોહમદતાહીર આરીફ (ઉ.વ.૪૦)(રહે. હાજીપુરા મહોલ્લા, તા–ટાંડા સ્વાર જી–રામપુર, ઉત્તરપ્રદેશ) એ તા.૦૧/૦૭/૨૦૨૬ ના રોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૦૬/૨૦૨૬ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે સરદાર વલ્લભભાઇ પટેલ એરપોર્ટ ખાતે જુનેદઅહેમદ નાઓએ દુબઇથી મંગાવેલ ૬૦૦ ગ્રામ સોનુ લેવા સારૂ તેમના સગા હારીશ તથા ઔવેશ નાનો એરપોર્ટ ખાતે અનવર નામના માણસ પાસેથી ૬૦૦ ગ્રામ સોનુ કિંમત રૂપિયા ૬૪,૦૦,૦૦૦/– મતાનુ મેળવી લઇ ચાલતા–ચાલતા સરદાર વલ્લભભાઇ પટેલ સ્ટેચ્યુ સર્કલ પાસે આવતા પાછળથી એક અજાણી મહીલા તથા બે અજાણ્યા પુરૂષએ ભેગામળી પીછો કરી, એક સફેદ રંગની બોલેરો ગાડીના ચાલકે તેની ફોરવ્હીલ ગાડી ચલાવી લાવી, તેઓની આગળ ઉભી રાખી દઇ પાછળથી પીછો કરી આવનારા બે પુરૂષએ ભેગામળી હારીશ તથા ઔવેશ નાઓને કારમાં બેસાડી દઇ કારના દરવાજાને લોક કરી, તેમજ સાથે આવેલ અજાણી સ્ત્રી બોલેરો કારની પાછળ ઇન્ડીકા કાર લઇ પીછો કરતી પાછળ આવતી હતી ત્યારે આ કારમાં બેસેલ અજાણ્યા પુરૂષોએ પોતે પોલીસ સ્ટાફમા છીએ તેવી ખોટી ઓળખ આપી, બંને જણાને શરીરે ગડદાપાટુનો માર મારી, હારીશના પેન્ટના ખિસ્સામાંથી ૬૦૦ ગ્રામ સોનાની લુંટ કરી, અપોલો સર્કલ નજીક બ્રીજના છેડે હારીશ અને ઔવેશ બંનેને કારમાંથી નીચે ઉતારી તમામ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.ડી.ચાવડા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર ચાદી નં.૯૨૨/૨૦૨૬**

સોલા હાઇકોર્ટઃ રોહીત સ/ઓ કમલેશભાઇ બઘેલ (ઉ.વ.૨૫)(રહે.મહાત્માગાંધી વસાહત રાધાક્રીષ્ણા ચોક ગોતા હાઉસીંગ ગોતા) એ તા.૦૧/૦૭/૨૦૨૬ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૬/૨૦૨૬ સાંજના ૭/૦૦ થી તા.૦૧/૦૭/૨૦૨૬ બપોરના ૧૨/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના રસોડાની બારીની જાળી ખોલી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, ઘરમાંથી સોનાની બુટી કિમત રૂપિયા ૧,૬૦,૦૦૦/– અને રોકડ રૂપિયા ૯,૦૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧૦,૬૦,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.પી.ડીંડોર ચલાવે છે.

સરખેજઃ મોહમદબીલાલ મોહમદસાબીર કાજી (ઉ.વ.૨૬)(રહે.અલાઇના ગ્રીન, અહદ સ્પોર્ટસ કલબ પાછળ, ટી.પી.૮૫ રોડ ફતેવાડી સરખેજ) એ તા.૦૧/૦૭/૨૦૨૬ ના રોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૦૬/૨૦૨૬ રાતના ૯/૦૦ થી તા.૩૦/૦૬/૨૦૨૬ બપોરના ૧૨/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના રસોડાની બારી ખોલી, રસોડાના દરવાજાનો નકુચો ખોલી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, ઘરમાંથી સોના–ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૯૨,૯૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.પરમાર ચલાવે છે.

દાણીલીમડાઃ ચિરાગભાઇ મનુભાઇ અંટુશીયા (ઉ.વ.૩૩)(રહે.શિવમ એપાર્ટમેન્ટ દાણીલીમડા) એ તા.૦૧/૦૭/૨૦૨૬ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૬/૨૦૨૬ સાંજના ૫/૦૦ થી તા.૨૪/૦૬/૨૦૨૬ સાંજના ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના ઘાબાનો દરવાજો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૨૫,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૩૧,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જે.સોલંકી ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૯૨૩/૨૦૨૬**

ખાડીયાઃ (૧) જીગરકુમાર મંગલદાસ શાહ (ઉ.વ.૪૦)(રહે. સિધ્ધસિલા એપાર્ટમેન્ટ એકતા ટાવર સામે વાસણા બેરેજની બાજુમા વાસણા) એ તા.૦૧/૦૭/૨૦૨૬ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૬/૨૦૨૬ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે માણેકચોક ખાતે આવેલ "જીનેશ્વર જ્વેલર્સ" નામની પોતાની દુકાનમા ગ્રાહકનાં સ્વાંગમાં આવેલ એક અજાણ્યો પુરૂષ દાગીના ખરીદવાના બહાને દુકાનમા નોકરી કરતા કરીનાબહેન ત્રિકમભાઇ પ્રજાપતીનાઓની નજર ચુકવી ૩૦ ગ્રામના સોનાના એક કાનના ઝુલાનુ પેકેટ આશરે ૨૦ થી ૨૨ નંગ (૧૮ કેરેટ) કુલ કિમત રૂપિયા ૨,૮૦,૦૦૦/– ચોરી કરી લઇ ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.વી.પટેલ ચલાવે છે.

ખાડીયાઃ (૨) વિનોદકુમાર છગનલાલ જૈન (ઉ.વ.૫૭)(રહે. શાહી કુટીર, ડફનાળા શાહીબાગ) એ તા.૦૧/૦૭/૨૦૨૬ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૦૧/૨૦૨૬ સવારના ૧૦/૦૦ થી તા.૩૦/૦૬/૨૦૨૬ બપોરના ૨/૦૦ વાગ્યા દરમ્યાન ગાંધીરોડ ખાતે આવેલ "આસ્થા ઇલેક્ટ્રિકલ્સ" નામની દુકાનમાં કામ કરતા કર્મચારીઓમાંથી કોઇએ દુકાનમાંથી કોપર વાયરના અલગ–અલગ બંડલો કુલ કિમત રૂપિયા ૧,૨૦,૨૦૦/– મતાની ચોરી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જી.કે.આહીર ચલાવે છે.

પાલડીઃ વિધી ડો/ઓ નિલેશભાઇ શાહ (ઉવ.૨૪)(રહે.મનીભદ્ર બંગલોઝ જૈન મરચંટ દેરાસર સામે બાદશાહ ડેરી પાસે પાલડી) એ તા.૦૧/૦૭/૨૦૨૬ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૬/૨૦૨૬ સવારના ૮/૦૦ થી બપોરના ૩/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ઘરના ઉપરના માળે રૂમમા બેગમા રાખેલ એક પ્લાસ્ટીકના ડબ્બામાંથી સોનાના દાગીના કુલ કિમત રૂપિયા ૪,૨૫,૦૦૦/– મતાના ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.પી.વાળા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૯૨૪/૨૦૨૬**

રખિયાલઃ સંગિતાબહેન સંજયભાઇ પટણી (ઉ.વ.૩૭)(રહે.લઘ્ધુ રત્નાના છાપરા, રખિયાલ) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૭/૨૦૨૬ સવારના ૯/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પોતાની જાતે કોઇ જલદ પ્રવાહી પી લેતા સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સાંજના ૪/૩૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે રખિયાલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આર.પટેલ ચલાવે છે.

ઓઢવઃ આદિનાથનગર ગીરીરાજનગર સોસાયટી ખાતે રહેતા હિતેષભાઈ સોલંકીનાઓના ૧૬ વર્ષના પુત્ર એ અગમ્ય કારણસર તા.૦૧/૦૭/૨૦૨૬ ના કલાક ૦૦/૦૦ થી સવારના ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિશાલભાઇ જગમાલભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી